**રાજકોટનાં મહે. જ્યુ. મેજી. ફ. ક. (મેઈન) ની કોર્ટમાં, મુ.:: રાજકોટ**

**ફોજદારી કેસ નં. 28309/2024**

**આંકઃ1**

**ફરિયાદીઃ** સરકારશ્રી

વિરુધ્ધ

**આરોપીઃ** **રાજેશભાઈ રમેશભાઈ ખેતાણી**

**ગુન્હોઃ જી.પી.એકટની કલમ–135(1) મુજબ**

**:: ચુકાદો ::**

આજ રોજ નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના ઉપક્રમે રાષ્ટ્રીય લોક અદાલત યોજવામાં આવેલ છે. નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરીટીના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે ચાર્જશીટમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ,ઉપર મુજબનો ગુન્હો કરેલ હોય સદરહું શિક્ષાપાત્ર ગુન્હાની ફરિયાદ નોંધી અને તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં **જી.પી.એકટની કલમ–135(1)** મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવી.

(૩) આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરશીસ આપેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ગરીબ વર્ગના માણસ છે જેથી તેઓને ઓછામાં ઓછો દંડ કરી ગુન્હામાંથી મુક્ત કરવા અરજ છે. સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લીનોંધવામાં આવેલ છે જેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આ કેસની હકીકતોને લક્ષમાં લેતા તેમજ આરોપીએ રજૂ કરેલ કબુલાત પુરશીસને ધ્યાને લેતા, એવુ જણાઈ આવે છે કે, આરોપીની આર્થિક સ્થિત સારી નથી અને આરોપી સદર ગુનાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે. વધુમાં, ગુનાની દંડની જોગવાઈ ધ્યાને લેતા અને આરોપીની આર્થીક અને સામાજિક સ્થિતિ ધ્યાને લેતા, જે આરોપીને દંડ કરીને છોડવામાં આવે તો,ન્યાયનું હિત જળવાઈ રહે છે.વધુમાં, આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવશે અને તેને યોગ્ય દંડ કરવામાં આવશે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ

**હુકમ**

આ કામના આરોપીને જી.પી.એકટની કલમ–135 મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/–(રૂપિયા એક સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે. આરોપીના જામીન ખત અને જાત મુચરકો રદ કરવામાં આવે છે.

આ કામે કબ્જે થયેલ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજ રોજ સ્પે.સીટીંગમા ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૪/૧૨/૨૦૨૪ (જે. જે. દવે)
સ્થળ :–રાજકોટ. જ્યુડી.મેજી.ફ.ક.(મેઈન),રાજકોટ
યુઆઈડી–જીજે૦૧૫૩૨